# નવસારી કૃષિ યુનિવર્સિટી
## એરૂ ચાર રસ્તા,નવસારી


**મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચાર સંહિતાના અમલ તેમજ અધિકાર / કર્મચારીઓની બદલી તેમજ રજા પર પ્રતિબંધ બાબત**

**વંચાણે:–** મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજય, સામાન્ય વહીવટ વિભાગ (ચૂંટણી પ્રભાગ)ના તા.૦૫.૦૩.૨૦૧૪ના પરિપત્ર ક્રમાંક ઈએલસી–૧૦૨૦૧૪–૦૪–૭ (MCC)

## પરિપત્ર

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તાબા હેઠળની તમામ યુનિટ / સબયુનિટની કચેરીના વડાઓને પરિપત્રિત કરવામાં આવે છે કે, ઉકત વંચાણે લીધેલ પરિપત્ર અનુસાર ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હી ધ્વારા લોકસભા સામાન્ય ચૂંટણી – ૨૦૧૪ તા.૦૫.૦૩.૨૦૧૪ના રોજ જાહેરાત કરવામાં આવેલ છે. આ ચૂંટણી માટે તા.૩૦.૦૪.૨૦૧૪ના રોજ મતદાન યોજાનાર છે. આથી તા.૦૫.૦૩.૨૦૧૪ના રોજથી આચાર સંહિતા અમલી બનેલ છે. જે ચૂંટણીની સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલી રહેશે.

સદર ચૂંટણી જાહેર થવાને કારણે સરકારશ્રીના જુદા–જુદા વિભાગ/ ખાતાઓ / કચેરીઓને પણ ચૂંટણી પ્રક્રિયાના સમગ્ર સમય દરમ્યાન મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચાર સંહિતાના અમલ બાબતે ઉકત વંચાણે લીધેલ પરિપત્રમાં જણાવેલ બાબતોનો ચૂસ્તપણે અમલ કરવા જણાવેલ છે.જેથી અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટના અધિકારી / કર્મચારીશ્રીઓની આદર્શ આચાર સંહિતા લાગુ થયાની તારીખથી અને પુરી થાય ત્યાં સધી કોઈપણ પ્રકારની રજાઓ મંજુર કરવી નહી તથા આચાર સંહિતા દરમ્યાન જે – તે અધિકારી / કર્મચારીઓની કોઈપણ પ્રકારની રજાઓ આચાર સંહિતાના સમયગાળા દરમ્યાનની અગાઉથી મંજુર કરવામાં આવેલ હશે તો તે આપોઆપ રદ થયેલી ગણવામાં આવશે. તેમજ આચાર સંહિતા દરમ્યાન બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ જેવા અન્ય સેવા વિષયક લાભો મંજુર કરવા અંગેનો કોઈ કાર્યાલય આદેશ થયેલ હોય તો સદર આદેશ આચાર સંહિતા પૂર્ણ થાય ત્યાં સુધી સ્થગીત કરવામાં આવે છે. તેમજ તે બાબતે કોઈ કાર્યવાહી ન કરવા જણાવવામાં આવે છે.

સદર પરિપત્રનો અમલ ચુસ્તપણે કરવાનો રહેશે.

**જા.નં.નકૃયુ/રજી/અ.ઉ.૩/લોકસભા સા.ચૂં–૧૪/ 3993-25 /૨૦૧૪**
**તા. ૧૫/૦૩/૨૦૧૪**

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી**

**નકલ રવાના જાણ તેમજ ઘટતું થવા સારૂ:–**

(૧) આ યુનિવર્સિટીના તમામ યુનિટ/ સબ યુનિટના વડાશ્રીઓ તરફ.

(૨) આ વિભાગની તમામ શાખાઓ તરફ.